







# સ્વબચાવ અને સુરક્ષા અંગે સોલા પોલીસ સ્ટેશનના મહિલા 'સી' ટીમનો મહત્વપૂર્ણ સેમીનાર

સોલા પોલીસ સ્ટેશન 'સી' ટીમ સ્ટાફ એ સ્વબચાવ અને સુરક્ષા અંગે શ્રી કે. એસ. મૂક-બધિર વિદ્યામંદિર, સોલામાં મૂક-બધિર બાળાઓને માર્ગદર્શન આપ્યું. સમાજમાં બનતા ખૂબ જ ગંભીર બનાવોમાં જાગૃતિ લાવવા હિંમત અને નિડરતાથી સામનો કરવા ખૂબ જ મહત્વની ચર્ચા કરી. સંસ્થાના માનદ્ નિયામક શ્રીમતિ કોકિલાબેન શાહએ મૂક-બધિર બાળાઓને સ્પર્શતા મુદ્દાઓની છણાવટ કરી પોતાના અનુભવો દ્વારા બાળાઓનું સ્વબચાવ અને સુરક્ષા અંગેના ઉદાહરણો આપી સમજાવેલ. તેમની ઈશારાની ભાષામાં સમજાવ્યા. બાળાઓમાં ખૂબ જ જોમ દેખાયું.

Hon. Secretary
SHRI K. S. DEBHIA MUK BADHIR
VIDHYA MANDIR (SOLA) AHD-380060

અમદાવાદ શહેર પોલીસ

સરદારનગર પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
ફોન નંબર : ૯૫૧૨૬૭૫૮૬૯
Email Id Pulstn-sr:dar-ahd@gujarat.gov.in

eGujCop

# પ્રેસ નોટ

## સરદારનગર પોલીસ સ્ટેશનની SHE ટીમ દ્વારા કુબેરનગર શાક માર્કેટમાથી દારૂ પીધેલ હાલતમા લથડીયા ખાતો બિભત્સ વર્તન કરનાર ઇસમની ધરપકડ કરવામા આવી

મે.પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર- ૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ.પોલીસ.કમીશ્નર " જી" ડીવીજન સાહેબ શ્રી નાઓની સુચનાથી સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે SHE ટીમ કાર્યરત કરવામા આવેલ છે જે SHE ટીમ દ્વારા કુબેરનગર શાક માર્કેટમાથી દારૂ પીધેલ હાલતમા લથડીયા ખાતો બિભત્સ વર્તન કરનાર ઇસમ નામે દોલતભાઇ બસૂમલ જાતે સાધવાણી ઉ વ ૪૮ રહેવાસી- મ.ન. ૧૦/૧૦ બી વોર્ડ કિશન સોડા વાળાની સામે કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નાઓને પકડી સદરી વિરુધ્ધમા ધી પ્રોહી કલમ ૬૬(૧)(બી), ૮૫(૧)(૩) મુજબ કાયદેસર કાર્યવાહી કરેલ છે.

સરદારનગર પો.સ્ટે. સિનીયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી સી.આર.જાદવ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ શ્રી આઇ.કે.મોથલિયા તથા વુ.લોકરક્ષક મીતલબેન અરવિંદભાઇ તથા વુ.લોકરક્ષક વસંતબેન ખેતાભાઇ તથા પો.કો ભુપેન્દ્રકુમાર શાંતિલાલ વિગેરે એ કામગીરી કરેલ છે